**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 05-04-2024**　　　　**સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## SVEEP-માનવસાંકળ દ્વારા મતદાન જાગૃતિ

લોકસભા સામાન્ય ચૂંટણી 2024 અંતર્ગત જિલ્લામાં SVEEP હેઠળ સમગ્ર જિલ્લાની વિવિધ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં માનવ સાંકળ જેવી નવતર પ્રવૃત્તિના માધ્યમથી મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જે અંતર્ગત જિલ્લાના ભુજ, ગાંધીધામ અંજાર, મુંદ્રા, માંડવી સહિતના તમામ તાલુકા મથકો અને મોટા ગામોની શાળાઓ અને કોલેજો દ્વારા ગામ કે શહેરની જાહેર જગ્યાઓ ઉપર તેમજ શાળાઓના મેદાનમાં મતદારોમાં મતદાન અંગે જાગૃતિ આવે તે થીમ ઉપર આધારિત માનવસાંકળનું નિર્માણ જિલ્લામાં લગભગ ૬૦ કરતા પણ વધુ જગ્યાઓ ઉપર કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી માનવ સાંકળની થીમ "વોટ ફોર નેશન" રહી હતી.

માનવ સાંકળ નિહાળી મતદાર મતદાન પ્રત્યે ઉત્સાહિત તેમજ જાગૃત બનશે તેવી ભાવના વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક શિક્ષકશ્રીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

**માહિતી ખાતુ**

--------------------------------------------------------------------

## ચૂંટણીપંચ-શપથ, પ્રતિજ્ઞા

ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટા ચૂંટણીઓ, ૨૦૨૪ માટેના ઉમેદવારોએ અધિકૃત કરાયેલ વ્યકિત સમક્ષ શપથ કે પ્રતિજ્ઞા લઈને, તેમાં સહી કરવાની રહેશે અને તો જ એ ઉમેદવાર લોકસભાની કે વિધાનસભાની બેઠક માટે પસંદ થવા પાત્ર ગણાશે તેમ જણાવાયું છે. ઉમેદવારોની અનુકૂળતા માટે ચૂંટણી પંચે, સંબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારી ઉપરાંત અધિકૃત કરેલી વ્યક્તિઓ સમક્ષ ઉમેદવાર શપથ કે પ્રતિજ્ઞા લઈને તેમાં સહી કરી શકશે.

**N.P. કલ્પના શાહ**

--------------------------------------------------------------------

## જિલ્લામાં ઇવીએમ, વીવીપેટની ફાળવણી

લોકસભાની સામાન્ય ચૂંટણીને પગલે જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ ચાલી રહી છે જે અંતર્ગત આવતીકાલે જિલ્લા મથક

ભુજ ખાતેના વેરહાઉસમાં મશીનોના રેન્ડમાઇઝેશન બાદ રવિવારે જે-તે વિધાનસભા મતક્ષેત્રવાર ઇવીએમ, વીવીપેટની ફાળવણી કરાશે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ લોકસભા માટે એમ-3 પ્રકારના ઇવીએમ, વીવીપેટ ફાળવાયા છે. એફ.એલ.સી. બાદ હાલ બેલેટ યુનિટ 2877, કન્ટ્રોલ યુનિટ 2521, વીવીપેટ 2735 ઉપલબ્ધ છે, જેમાંથી 2766 બેલેટ યુનિટ, 2410 કન્ટ્રોલ યુનિટ અને 2624 વીવીપેટની ફાળવણી કરવામાં આવશે.

**N.P.** કલ્પના શાહ

---

## વહાણવટા દિવસ ઉજવણી

આજે વાણવટા દિવસની ઉજવણી થઇ રહી છે ત્યારે દિનદયાળ મહાબંદરમાં માળખાંકીય સુવિધાના અનેક પ્રકલ્પો હાથ ધરાયા છે, જેમાં પોર્ટની હેન્ડલિંગ ક્ષમતા વધારવા સહિતનાં પગલાં લેવાયાં છે. જેના લીધે આગામી સમયમાં બંદરના વિકાસને નવી દિશા મળશે તેવું દિન દયાળ બંદરના અધ્યક્ષ એસ.કે. મહેતાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, બંદરમાં આવતા જતા ટ્રાફિકના સરળ સંચાલન માટે રોડ નેટવર્કને વધુ મજબૂત બનાવાયું છે, ફ્લાયઅવરનું નિર્માણ કરાયું છે, જેના લીધે પરિવહન વધુ સરળ બન્યું છે. આ ઉપરાંત છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સંગ્રહ ક્ષમતા વધારવા, આરએફઆઇડી સિસ્ટમ, આધુનિક

કંટ્રોલ કમાન્ડ એરિયા સહિતની આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરવામાં આવ્યો છે.

વર્ષો પહેલાં 84 બંદરના વાવટા ફરકતા તે માંડવી બંદર ખાતે 344 વાહણનું રજિસ્ટ્રેશન થયેલું છે. હાલમાં 7 વહાણ બનાવવાની કામગીરી ચાલુમાં છે. આ ઉપરાંત ડ્રેસિંગ કામ, બ્રેક વોટરની દીવાલ, શેડ રિપેરીંગ સહિતની કામગીરી પ્રગતિમાં છે.

**N.P. કલ્પના શાહ**

---------------------------------------------------------------------

## શિક્ષણ સમિતિની બેઠક

કચ્છ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા શિક્ષણ સમિતિની બેઠક મળી હતી, જેમાં જિલ્લાની 8 પ્રાથમિક શાળાઓમાં ધો.6થી 8માં ક્રમિક વર્ગ વધારો કરવા સહિતના ઠરાવો કરાયા હતા. આ બેઠકમાં જિલ્લાની 48 પ્રાથમિક શાળાઓના ઓરડા જર્જરીત હોઇ તોડી પાડવાનો, જે શાળામાં ધો.6માં 20 છાત્રો અથવા તો ધો.6 અને 7માં 20 કે 20થી વધારે છાત્રો હોય તેમાં વર્ગ વધારો, રાપર અને માંડવી તાલુકાની એક-એક શાળાઓ બંધ કરવા અને મુન્દ્રા તાલુકાની એક શાળા મર્જ કરવા સહિતના ઠરાવો કરાયા હતા.

**N.P. કલ્પના શાહ**

---------------------------------------------------------------------

## વીજ કચેરી દ્વારા નવુ ફીડર

ભુજોડી પાસે પેટા વિભાગીય વીજ કચેરી દ્વારા નવું 11 કેવી કારગીલ વીજ ફીડર ખેતીવાડી માટે શરૂ કરાયું છે.  આ ફીડર કાર્યરત થતાં 200 જેટલા ખેડૂતોને તેનો લાભ મળશે. આ નવી વીજ સુવિધા મળતાં ધરતીપુત્રોમાં આનંદની લાગણી ફેલાઇ હતી.

**N.P. કલ્પના શાહ**

---------------------------------------------------------------------

## નવા મતદારોએ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ

કચ્છ જિલ્લામાં 1લી એપ્રિલની સ્થિતિએ 18 વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા નવ યુવાન મતાધિકારથી વંચિત ન રહે તે માટે ચૂંટણી કાર્ડ મેળવવા માટે ફોર્મ નં.6 ભરવાનું રહેશે. તેમજ જે મતદારોએ પોતાનો કાર્ડ સ્થાળાંતર કરવાનું હોય તેમણે ફોર્મ નં.8 ભરવાનું રહેશે. આ ફોર્મ આગામી 9મી એપ્રિલ સુધી ભરી શકાશે.

**N.P. કલ્પના શાહ**

---------------------------------------------------------------------